ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/ 2427 તારીખ : 13 AUG 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૯/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ,**
**પ્લોટ નં-૫, વર્ષા સોસાયટી,**
**મીરા પાન, સુભાષનગર,**
**મું.ભાવનગર**
**મો.નં. ૮૫૩૦૩ ૨૫૦૫૪.**

**વિષય : અમોએ માંગેલ ઉં ઘર વપરાશ ના વિજ કનેકશન ન મળવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૦૬/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૮/૦૬/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/૧૭૦૮ તા.૦૯/૦૬/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/૨૧૩૨ તા.૨૦/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૦/૦૭/૨૦૨૧ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, ભાવનગર.
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ખારગેટ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/ 2427 તારીખ : 13 AUG 2021

આર.પી.એ.ડી.

પ્રતિ,
**શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ,**
**પ્લોટ નં-૫, વર્ષા સોસાયટી,**
**મીરા પાન, સુભાષનગર,**
**મું.ભાવનગર**
**મો.નં. ૮૫૩૦૩ ૨૫૦૫૪.**

કેસ નં.૧૯/૨૧-૨૨

**વિષય : અમોએ માંગેલ ઉં ઘર વપરાશ ના વિજ કનેકશન ન મળવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૦૬/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૮/૦૬/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/૧૭૦૮ તા.૦૯/૦૬/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૧-૨૨/૨૧૩૨ તા.૨૦/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૦/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખારગેટ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૯/૨૧–૨૨ ☜

વાદી :– શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– તા.૩૦/૦૭/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ.એલ.પટેલ, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ, મું.ભાવનગર ની માંગેલ ૩ ઘર વપરાશ ના વિજ કનેકશન ન મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૧–૨૨/૧૭૦૮ તા.૦૯/૦૬/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો ફરીયાદી ગરીબ માછીમાર પરિવાર ને છેલ્લા ૬ માસથી ખારગેટ સબ ડિવિઝન દ્વારા ઘરેલુ વપરાશ ના અમારા પરિવાર ના ૩ અલગ અલગ સભ્યોના નામે સરકારશ્રી ની ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના–૪ હેઠળ ની યોજના અંતર્ગત માંગેલ છે. સદર બાબતે જગ્યા ના આધાર પુરાવા પણ કાયદેસર રીતે જોડેલ છે.

૧.૨ પોતાની માલીકીની જમીન કે જે જુના બંદર રોડ પર આવેલ સર્વે નં–૪૪૭/૧ પૈકી ૧, ભૈરવનાથ મંદિર ની બાજુમાં, ભાવનગર ખાતે નવું વિજ જોડાણ માંગવા અરજી કરેલ. જેને ૬ માસ જેટલો સમય વીતી ગયેલ હોય, કનેકશન મળેલ નથી.

૧.૩ હાલમાં થયેલ વાવાઝોડા માં અમોના કાચા પાકા મકાન ને બહુ નુકશાન થયેલ છે. તો અમોને ઘર વપરાશના કનેકશન આપવાં.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદીશ્રી દ્વારા ખારગેટ પેટા વિભાગીય કચેરી હેઠળ ના જુના બંદર, કૅબલ સ્ટેડ બ્રીજવાળા રોડ પર સર્વે નં– ૪૪૭/૧ પૈકી ૧, ભૈરવનાથ મંદિર ની બાજુમાં, ભાવનગર ખાતે નવા ૩ વિજ જોડાણ માંગવા અરજી કરેલ. જે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ સરકારશ્રી ની ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના–૪ હેઠળ ની યોજના અંતર્ગત માં અરજી કરવામાં આવેલ છે.

૨.૨ જે અન્વયે, ખારગેટ સબ ડિવિઝન દ્વારા જાવક નં–૧૦૪૭–૧૦૪૮–૧૯૪૯ તા.૨૧/૪/૨૦૨૧ થી જોઈતા જરૂરી ડોકયુમેન્ટ અનુસંધાને નોટીસ આપવામાં આવેલ છે. અને વાદી પાસેથી આધાર પુરાવા પ્લોટ એલોટમેન્ટ લેટર, જમીન કબજાની પાવતી, વેરાની રસીદો, એફીડેવીટ વિગેરેની પૂર્તતા કરવા જણાવેલ છે. સદર લેટર ની નકલ તેઓશ્રી ને તા.૮/૫/૨૦૨૧ ના રોજ મળેલ છે. તેવું દર્શાવેલ છે. દસ્તાવેજી પુરાવા જે વાદીશ્રી દ્વારા આજ દિન સુધી રજૂ કરેલ નથી.

૨.૩ કંપની ના પ્રવર્તમાન નિયમોનુસાર વાદીશ્રી દ્વારા વિજ જોડાણ ની અરજી સાથે જીઈઆરસી સપ્લાય કોડ– ૨૦૧૫ મુજબ ઉપર ના પેરામાં દર્શાવેલ ખૂટતા દસ્તાવેજી આધાર પુરાવા અંગેની કચેરીએ રજૂ કર્યેથી, વાદીશ્રી ની વિજજોડાણ ની ત્વરીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨.૪ વધુમાં, શ્રી સીજીઆરએફ ને જણાવવાનું કે, સદર અરજદારશ્રી દ્વારા અગાઉ સદર સ્થળ પર ખારગેટ પેટા વિભાગીય કચેરી હેઠળ ના જુના બંદર, કેબલ સ્ટેડ બ્રીજ વાળા રોડ પર તા.૪/૬/૨૦૧૯ ના રોજ ધંધાકીય હેતુસર બાંધકામ માટે સીંગલ ફેઈઝ હંગામી કોમર્શિયલ વિજ જોડાણ ની માંગણી કરવામાં આવેલ.

૨.૫ જે અન્વયે, વાદીશ્રી દ્વારા રજૂ કરાયેલ જગ્યાના આધાર પુરાવા ચકાસતાં, તેમાં સદર જગ્યા ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તક ની હોય, રજૂ કરેલ ફાળવણી પત્ર માં નામ અને પ્લોટ નંબર ની વિગતો સ્પષ્ટ વાંચી શકાતી ન હોય, તદઉપરાંત ફાળવણી હુકમ તા.૨૫/૩/૧૯૭૧ મુજબ તા.૧/૪/૧૯૭૧ થી તા.૩૧/૩/૧૯૭૨ સુધીની મુદત માટે જ ફાળવવામાં આવેલ હોય, હાલના માંગણીવાળા પ્લોટ ની છેલ્લી તાજેતર ની ભાડા પહોંચ તથા જીએમબી ના વાંધા પ્રમાણપત્ર સામેલ ન હોય, આ તમામ ખૂટતા આધાર પુરાવા રજૂ કરવા અંગેની ઓફીસ દ્વારા તા.૧૨/૬/ ૨૦૧૯ ના રોજ લેખિત પત્ર દ્વારા જણાવેલ.

૨.૬ વધુમાં, વાદીશ્રી દ્વારા સદર જે તે સમયના નવા વિજ જોડાણ અંગે મુખ્યમંત્રી ફરીયાદ નિવારણ કાર્યક્રમ '' સ્વાગત '' માં રજૂઆત કરેલ હતી.

૨.૭ જેમાં, તા.૨૨/૧૦/૨૦૨૦ ના માન.શ્રી કલેકટર સાહેબશ્રી ના અધ્યક્ષ સ્થાને જીએમબી ના અધિકારીએ તથા વાદીશ્રીની રૂબરૂ માં થયેલ ચર્ચા મુજબ સદર જગ્યા પર બિન અધિકૃત રીતે પેશકદમી થયેલ હોય, જીએમબી ને સદર જગ્યા પરનું દબાણ હટાવી જગ્યા હસ્તગત કરવા જણાવેલ.

૨.૮ સદર અરજદાર દ્વારા અગાઉ પણ સીજીઆરએફ નં–૫૬/૨૦–૨૧ થી નવું કનેકશન ના મળવાની અરજી કરેલ અને જેનું જજમેન્ટ કંપનીની તરફેણ માં આવેલ છે.(ચુકાદો નીચે મુજબ છે.)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

૨.૯ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ નો હુકમ, '' વાદીની રજૂઆત, પ્રતિવાદી ની રજૂઆત તેમજ ફોરમ સમક્ષ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં–૩.૩ મુજબ હુકમ કરવામાં આવેલ છે.''
'' GERC ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના ક્લોઝ નં–૪.૧૬ મુજબ વાદી પાસે થી જી.એમ.બી.નું ''નો ડયુ'' એલોટમેન્ટ લેટર રજૂ કરવા જણાવેલ. આથી, વાદી તેના હંગામી વિજ જોડાણ માટે પ્રતિવાદીએ માંગેલ જરૂરી ડોક્યુમેન્ટસ, આધાર પુરાવા રજૂ કરેલ ન હોઈ, વાદીને વિજ જોડાણ માટેની કાર્યવાહી આગળ થઈ શકે નહી. આથી,વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.''

૨.૧૦ જે તે સમયે સદર જગ્યા બાબતે જીએમબી સામે નામદાર કોર્ટ માં તકરાર હતી અને ન્યાયાધીન હતી. જેનું હુકમ નામું તા.૩/૩/૨૦૨૧.ના રોજ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ની તરફેણ માં ચુકાદો આપવામાં આવેલ. જે આ સાથે સામેલ છે.

૨.૧૧ ઉપરાંત, અત્રેની કચેરી દ્વારા મે.જીએમબી ખાતે પત્ર વ્યવહાર કરવામાં આવેલ અને તેમનો પત્ર મળેલ. જેમાં, બંદર અધિકારીશ્રી દ્વારા સ્પષ્ટ પણે કહેવામાં આવેલ છે કે, ફરીયાદીશ્રી જગદીશભાઈ મોહનભાઈ ગોહેલ દ્વારા જમીન ની માલીકીપણા બાબતે ભાવનગર મહે.સીનીયર જજ સાહેબ ની કોર્ટ માં કેસ નં–૨૯૬૩/૨૦૧૯ થી દાવો દાખલ કરવામાં આવેલ. જેની સામે નામ.કોર્ટ દ્વારા તા.૩/૩/૨૦૨૧ ના રોજ ગુજરાત મેરીટાઈમ બોર્ડ ની તરફેણ માં ચુકાદો આપેલ છે અને સદર અરજદાર જુના બંદર ખાતે જમીન ધરાવતા નથી. સદર જમીન માં લેન્ડ ગ્રેબીંગ કરવામાં આવેલ છે અને તેઓશ્રી કોઈપણ પ્રકારની ભાડાપટ્ટે કે લીઝ પર ધરાવતા નથી અને સદર સ્થળ પર વિજ કનેકશન ના આપવા અનુરોધ કરેલ છે.

૨.૧૨ આ ઉપરાંત, ખારગેટ સબ ડિવિઝન દ્વારા ઝુંપડપટ્ટી સ્કીમ હેઠળ માંગવામાં આવેલ નવા કનેકશન બાબતે ફરી એક વાર જીએમબી ને પત્ર લખેલ જેની નકલ આ સાથે સામેલ છે. જેમાં જીએમબી બંદર અધિકારી તરફથી મળેલ પત્રમાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના સબબ જણાવેલ છે કે, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ની સ્થાપના ૧૯૮૫ થી થયેલ હોય, રેકર્ડસ તપાસતા શ્રી જગદીશભાઈ હરિભાઈ ગોહેલ ને કોઈપણ પ્રકાર ની જુના બંદર ખાતે ખુલ્લી જમીન તેઓની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ નથી. જેથી, કોઈપણ પ્રકારનું વિજ જોડાણ આપવું નહી અને અન્ય કોઈ આસામી તરફથી જયારે વિજ જોડાણ માટે માંગણી કરવામાં આવે ત્યારે ગુજરાત મેરીટાઈમ બોર્ડ નું ના વાંધા પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વિજ જોડાણ ની કાર્યવાહી હાથ ધરવી.

૨.૧૩ જીઈઆરસી સપ્લાય કોડ–૨૦૧૫ ના નોટીફીકેશન નં–૪.૫ મુજબ સરકાર કે સક્ષમ સતાધિકારી ના નિયંત્રીત /પ્રતિબંધ ફરમાવતા આદેશના કેસમાં બિનઅધિકૃત વસાહતો/વિસ્તારોમાં વિજ જોડાણ મંજૂર થઈ શકશે નહી. જે નિયમાનુસાર અરજદાર ને સદર સ્થળ પર વિજ જોડાણ આપી શકાય નહી.

૨.૧૪ ઉપરાંત જીએમબી ના કેસમાં કેસ નં–૨૯૬૩/૨૦૧૯ માં વચગાળા નો મનાઈ હુકમ આવેલ છે અને કોર્ટ મેટર ચાલુ હોય આમ સદર કેસમાં ફાઈનલ હુકમ નામુ બાકી હોય, એવા કિસ્સામાં સીજીઆરએફ ના નોટીફીકેશન નં – ૨.૩૦(૧) મુજબ આવા કેસમાં ફરીયાદી ફોરમ નો સંપર્ક કરવા હકકદાર નથી. હાલ આ કેસને ચલાવી શકાય નહી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૧૫ ફરીયાદી શ્રી જગદીશભાઈ હરીભાઈ ગોહેલ જીએમબી તથા કલેકટરશ્રી ના જણાવ્યા મુજબ જીએમબી ની માલીકી ની જગ્યામાં બિન અધિકૃત રીતે પેશકદમી કરી સદર જગ્યા પર અલગ અલગ કેટેગરી હેઠળ નવા કનેકશન માંગી બિનજરૂરી ફરીયાદી ઉભી કરી, અગાઉ શ્રી સીજીઆરએફ, મુખ્યમંત્રીશ્રીના સ્વાગત કાર્યક્રમ, તથા ફરી એકવાર સીજીઆરએફ માં ઉપસ્થિત થયેલ છે. જે ફરીયાદ નિરર્થક, પજવણી રૂપ, બદઈરાદા પૂર્વક ની હોય તેવું પ્રથમ દ્રષ્ટિ એ જણાય છે. આમ, જીઈઆરસી ના નોટીફીકેશન નં–૨.૩૦ (૪ ના ક) મુજબ અરજદાર ફોરમનો સંપૂર્ક કરવા હકકદાર નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જગદીશભાઈ એચ.ગોહેલ એ પ્રતિવાદી ની પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચે ખારગેટ માં નવા ૩ વિજ જોડાણ માટે ઝુંપડપટ્ટી યોજના હેઠળ અરજી કરેલ છે. વાદીએ માંગેલ નવા વિ જોડાણ જુના બંદર રોડ પર આવેલ સર્વે નં–૪૪૭/૧ માં માંગેલ છે.

૩.૨ પ્રતિવાદીની રજૂઆત મુજબ વાદી એ માંગેલ વિજ જોડાણ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ની જગ્યામાં માંગેલ છે. પ્રતિવાદીએ વાદીને તેના પત્ર નં–૧૦/૪૭, ૧૦/૪૮, અને ૧૦/૪૯ તા.૨૨/૪/૨૦૨૧ થી જગ્યા ની માલીકીના પુરાવાઓ રજૂ કરવા જણાવેલ. પરંતુ, વાદીએ તે અંગે ના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નહી.

૩.૩ પ્રતિવાદી ની રજૂઆત મુજબ સર્વે નં–૪૪૭/૧ કે જેમાં વાદીએ ૩ વિજ જોડાણ માંગેલ છે તે સર્વે નંબર ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ના કબ્જામાં છે તેમજ બંદર અધિકારી ગુજરાત મેરીટાઈમ બોર્ડ ના પત્ર નં–૧૮૮ તા.૪/૬/૨૧ દ્વારા જણાવ્યા મુજબ વાદી અરજદાર જગદીશભાઈ હરિભાઈ ગોહેલ જુના બંદર ખાતે જમીન ધરાવતા નથી અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ ની જમીનમાં તેઓએ લેન્ડ ગ્રેબીંગ કરેલ છે. તેથી જમીન નો કબ્જો લેવા કાર્યવાહી હાથ પર છે. તેમજ જગદીશભાઈ હરિભાઈ ગોહેલ ને ગુજરાત મેરી ટાઈમ બોર્ડ એ કોઈપણ પ્રકારની જમીન ભાડાપટ્ટે કે લીઝ પર આપેલ નથી. તેથી, કોઈપણ પ્રકારનું કનેકશન ન આપવા અનુરોધ કરેલ છે.

૩.૪ વાદી જગદીશભાઈ એચ.ગોહેલ એ ભાવનગર ના પ્રિન્સીપલ સીની.જજ સાહેબની કોર્ટ માં આ જમીન ની માલીકી ની બાબતે દિવાની કેસ નં–૨૯૬૩/૨૦૧૦ દાખલ કરેલ છે. જે નામદાર કોર્ટ માં હાલ પડતર છે.

૩.૫ જીઈઆરસી ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬(૪) અને (૫) પ્રમાણે અરજદારે જગ્યા ની માલીકી ના દસ્તાવેજ આપવા જરૂરી છે. અથવા તો જો અરજદાર જગ્યા નો ભોગવટો ધરાવતો હોય, તો જગ્યા ની માલીક નું '' ના વાંધા પ્રમાણપત્ર '' રજૂ કરવું જરૂરી છે.

૩.૬ સદર કેસમાં વાદી અરજદારે જે જગ્યા એ વિજ જોડાણ માંગેલ છે તે સ્થળના માલીક નથી તેમજ તે જગ્યા ના કબ્જેદાર જીએમબી એ તેઓના તા.૪/૬/૨૦૨૧ ના પત્ર મુજબ વાદીને વિજ જોડાણ આપવાની ના પાડેલ છે.

૩.૭ જીઈઆરસી ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫ સેકશન ૪.૫ મુજબ '' સરકાર કે સક્ષમ અધિકારી ના નિયંત્રીત પ્રતિબંધ ફરમાવતા આદેશના કેસમાં બિનઅધિકૃત વસાહતો/વિસ્તારોમાં વિજ જોડાણ મંજૂર થઈ શકશે નહી. '' સદર કેસમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ એ ગુજરાત સરકાર નું બંદર ખાતુ છે. તેમજ જીએમબી ના જણાવ્યા મુજબ, વાદી અરજદારે મેરી ટાઈમબોર્ડ ની જમીનમાં લેન્ડ ગ્રેબીંગ કરેલ છે. તેથી, વાદી અરજદારે માંગેલ વિજ જોડાણ મંજૂર થઈ શકે નહી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ ઉપર જણાવેલ અવલોકન ઉપર થી તારણ કાઢવામાં આવે છે કે, વાદીએ માંગેલ વિજ જોડાણ વાળી સ્થળ અંગેની માલીકી અંગે નો કેસ હાલ નામદાર કોર્ટ માં પડતર છે. તેમજ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ એ વાદી અરજદાર ને તે જગ્યા એ વિજ જોડાણ આપવાની ના પાડેલ છે. તેથી, ઉપર જણાવેલ રેગ્યુલેશન મુજબ વાદી નવા કનેકશન માટે હકકદાર રહેતો નથી.

૩.૯ પ્રતિવાદી એ જણાવ્યા મુજબ વાદીએ આ પહેલા ઓકટોબર–૨૦૨૦ માં સર્વે નં–૪૪૭/૧ માં નવા વિજ જોડાણ માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભાવનગર ને ફરીયાદ કરેલ. જેનો કેસ નં–૫૬/૨૦–૨૧ થી દાખલ કરેલ. જેમાં, ફોરમે વાદીની અરજી ગ્રાહય રાખેલ નહી. તે હુકમ સામે વાદી અરજદારે લોકપાલ, અમદાવાદ ને રજૂઆત કરેલ છે. જેનો કેસ નં–૪૧/૨૦–૨૧ છે. જે હાલ પડતર છે.

૪.૦ તારણ નં–૩.૮ અને ૩.૯ મુજબ વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૪.૦ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૩૦/૦૭/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar